

वर्ष ૩ અંક ૫

શ્રીકામદા

એકાદશી વ્રત

અષાઢ વદ ૧૧,

૨૦૬૬

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

વિષય	પાન ક્રમાંક
❖ નિવેદન	૧
❖ ટિપ્પણી	૪
❖ શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન	૫
❖ સર્વોત્તમ સ્તોત્ર	૮
❖ શ્રીગોકુલનાથજીકે ૨૪ વચનામૃત	૧૦
❖ શ્રીધોળ પદ	૧૦
❖ સ્વરૂપ નિષ્ઠા	૧૧
❖ જૈ જૈ શ્રીગોકુલેશ	૧૩
❖ પુષ્ટિમાર્ગીય શિક્ષા	૧૪
❖ મનપ્રબોધ	૧૬
❖ શ્રીગોકુલેશ સ્તવઃ	૧૯
❖ કવિત્ત	૨૧
❖ Bhaktivardhini	22

राग मल्हार

वल्लभ बैठे रंग हिंडोरे ।

आनंद भरि झुलावत सब मिलि, सोभित हें चहुँ ओरे ।। १ ।।

नाना रंग बसन छबि पावत, अति चमकत तन गोरे ।

मनभाइ करि भेट हरिदासहि, डारत हे तृन तोरे ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીગોકુલેશ પ્રભુચરણના અનન્યાશ્રિત અને સ્વરૂપાસક્ત સેવકોનો વિશાળ સમુદાય હતો, જે અદ્યાપિ જોવા મળે છે. આપશ્રીની સૃષ્ટિ વિશેષ કરીને સદાય અનન્યાશ્રિત અને સ્વરૂપાસક્ત છે. આપશ્રીના અનન્ય સેવક એવા વ્યારાના વતની, આ ભક્ત કવિએ શ્રીગોકુલેશજીના સંબંધમાં સ્વાનુભવથી વિપુલ સાહિત્ય શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપ વિષે પ્રગટ કર્યું છે. ઘણાં ભક્તો આ વ્યારાવાળા ગોપાલદાસભાઈને શ્રીગોકુલેશ પ્રભુને જ્ઞાનશક્તિના અવતાર માને છે. ગોપાલદાસભાઈ વ્યારાવાળાએ જે શ્રીગોકુલેશ પ્રભુની સ્તુતિ, સ્વરૂપ વિષે ગ્રંથો પ્રગટ કર્યા છે, તે વિષે આપણા શ્રીચતુર્થગૃહ તિલકાયત શ્રીગોકુલનરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ શ્રીકન્હૈયા પ્રભુ (સં.૧૯૨૬) પોતાના વચનામૃતમાં આજ્ઞા કરે છે કે : **સ્વરૂપરસાવલી** ગ્રંથ અન્મોલ મણી સમાન છે, તેથી આ ગ્રંથનો પાન કરી શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપને હૃદયમાં ધારણ કરવું, અને **મનપ્રબોધ** ગ્રંથનો નિત્ય પાઠ કરવો, અને **નિત્યચરિત્ર**ના ધોળ વાંચી ભાવને હૃદયમાં ધારણ કરવો.

આમ આજ્ઞા કરી શ્રીગોકુલાધીશ શ્રીકન્હૈયા પ્રભુ સ્પષ્ટ કરી આજ્ઞા કરે છે કે જે ગ્રંથો શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય ૭૮ ભગવદીયો દ્વારા પ્રગટ થયા છે, તે અવશ્ય મનનનીય, અને હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય ભક્તોમાં જમનાદાસ જાની અને શ્યામદાસનો વિશેષ યોગદાન આપણા સંપ્રદાય માટે રહ્યો છે. એક દિવસ શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય પ્રમાણે કથા કહેવા પોતાની શ્રીબેઠકમાં બિરાજ્યાં હતા. આપશ્રીના અનન્ય ભક્તો આપશ્રી શ્રીમુખે વચનામૃત કરે, તેની પ્રતિક્ષા કરતાં હતા. પણ આપશ્રીની લીલા આજે કંઈક અલગ કરવાની હતી, તેવું પ્રતિત થતું હતું. આજે શ્રીગોકુલેશ પ્રભુચરણે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ૮૪ અને ૨૫૨ ભક્તોમાંના અમુક પ્રસંગો સૌ ભક્તો સમક્ષ આજ્ઞા કરી. પણ નિત્યની જેમ શ્રીગોકુલેશ પ્રભુએ આજે શ્રીભાગવતની કથા ન કરી, તેથી એક ભક્તે આપશ્રીને વિનંતી કરી કે રાજ! આજે આપ કથા નહિં કરો ? આ સાંભળી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી કે આજે તો હું તમને કથાનું ફલ કહી રહ્યો૦ છું. એટલે કે આ જે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા તે કથાનું ફળ છે. સૌ ઈશાનુકથા શ્રવણ કરી ગદગદીત થઈ ગયા.

શ્રીગોકુલેશ પ્રભુના આ બે ભક્તો જમનાદાસ જાની અને શ્યામદાસ નિત્ય આપશ્રી જે વચનામૃતો કરે તે બધાં ધ્યાનથી શ્રવણ કરતા અને ત્યારબાદ ઘેર જઇ તે વચનામૃતની સ્મૃતિ લઇ, પોતાની પોથીમાં અક્ષરશઃ લખી લેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ સદા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના અંતરંગ સેવકોના વાર્તા પ્રસંગો સંભળાવતા. તે જમનાદાસ જાની અને શ્યામદાસ આ બધાં જ પ્રસંગો રાત્રે ઘેર આવીને નોંધ કરતા. જ્યારે શ્રીગોકુલેશ પ્રભુને આ વિશે ખબર પડી, ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે પોથી લઇ આઓ. ત્યારે બન્ને ભક્તો પોતે નોંધ કરેલા વચનામૃતોની પોથી આપશ્રી સન્મુખ લઇ આવ્યાં. આપશ્રીએ દૃષ્ટિ કરી ત્યારે જણાયું કે સર્વ વાર્તા પ્રસંગો એક બીજા જોડે મિશ્રણ થઇ ગયાં. તેથી આપશ્રીએ સર્વ પોથીને સુવ્યવસ્થિત કરી શ્રીમહાપ્રભુજીના ૮૪ અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના ૨૫૨ વૈષ્ણવોની વાર્તા પ્રસંગો અલગ કર્યા.

શ્રીગોકુલેશ પ્રભુના નિત્યલીલામાં પધાર્યા પછી, આપશ્રીની આજ્ઞાનુસાર પરમ કૃપાપાત્ર ભક્ત ગોકુલભાઇજી, વ્યારાવાળા ગોપાલદાસભાઇ, તથા જમનાદાસ જાનીએ સાથે મળીને શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃતો સુવ્યવસ્થિત કર્યાં હતાં તથા શ્રીગોકુલેશ પ્રભુના વિરહી સમાજનું ભાવપોષણ કરવા વિવિધ સાહિત્ય રચનાઓ પણ રચી હતી. આવી અલભ્ય, અમૂલ્ય કૃપા આ શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપનિષ્ઠ ભક્તોએ આપણા સર્વ પુષ્ટિમાર્ગીય સમાજ પ્રત્યે કરી છે. જેનું આજે પણ આપણે લાભ લઇ રહ્યાં છીએ. સંપ્રદાયનો પ્રાચીન ઇતિહાસ પણ ગોપાલદાસભાઇ વ્યારાવાળા દ્વારા પ્રગટીત પ્રાગટ્ય સિદ્ધાંત ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. તેથી જો કોઇક આધુનિક વ્યક્તિ એમ કહે કે આ બધા અન્યમાર્ગીય ગ્રન્થો છે, તે સમયે શ્રીગોકુલેશ પ્રભુના ૨૪ વચનામૃતનું સ્મરણ થાય છે, જ્યાં આપશ્રી આજ્ઞા કરે છે કે 'જે ભગવદ્ વાર્તા, પુષ્ટિમાર્ગ, પુષ્ટિસાહિત્ય, પુષ્ટિ પ્રભુ, ગુરુ, પ્રભુના ભક્તો પ્રત્યે દ્રોહ કરે, તેની જિલ્વા કાપી લેવી જોઇએ...'

શ્રીગોકુલેશ પ્રભુના ઘરની અનોખી પરંપરા આજે પણ કાયમ છે. આ ઘરના સેવક-વૈષ્ણવો જ્યારે એકબીજાને મળે ત્યારે **જૈ જૈ શ્રીગોકુલેશ** ભગવદ્ સ્મરણ કરી એક બીજાને સંબોધે છે, અને દંડાકાર (દ્વિરેખ દંડાકાર) તિલક પોતાના લલાટે ધારણ કરે છે. પોતાના સ્વામીને પ્રિય છે, તેથી તે કરવું. શ્રીગોકુલેશ પ્રભુની અવતારલીલામાં આપશ્રીનો જન્મદિવસ એટલે કે મહાઓચ્છવ ખૂબજ ઉત્સાહ પૂર્વક ઉજવાતો. આ ઉત્સવનો વર્ણન આપણને રંગ રંગ ઓચ્છવ ધોળમાં પણ પ્રાપ્ત થાય છે. ઉત્સવની સર્વ તૈયારી કેવી રીતે થાય છે, કેટલો અનેરો ઉત્સાહ, આનંદ ઊભય પક્ષે હોય છે, તેનું શબ્દરૂપે સચિત્ર વર્ણન આ ધોળમાં પ્રાપ્ત થાય છે. તેમાં ૧૧૫ થી ૧૧૯મી કળીમાં આ પ્રમાણે આ ઘરની વિલક્ષણતાનું વર્ણન પ્રાપ્ત થાય છે.

સાતે ઘરનાં વહુબેટી આવ્યાં વ. ખેંચી ચાંદની તે પેંડો પાવે. વ. ૧૧૫.

તેને લેઈ ભીતર પધરાવે, વ. માંહોમાંહે તે કરે વિચાર. વ. ૧૧૬.

દરશન કરવું તે નિરધાર, વ. ત્યારે શ્રીલક્ષ્મી વહુજી તે એમ બોલ્યાં વ. ૧૧૭.

જાણીએ રસનાં દ્વાર તે ખોલ્યાં, વ. આપણા ઘરની તે નથી યહાં રીત. વ. ૧૧૮.

ભાઈજી તે કરે છે એહુની પ્રીત, વ. શ્રીગુસાંઈજીના ઘરની તે રીત. વ. ૧૧૯.

આવાં ઉદ્ગાર આપણને પ્રાપ્ત થાય છે, જે શ્રીગોકુલેશ પ્રભુના ઘરની અનન્યતા, દૃઢતા, સિદ્ધાંત નિષ્ઠનું વર્ણન કરે છે. શ્રીગોકુલેશ પ્રભુના સેવક-વૈષ્ણવોને તો કેવળ એકજ નેમ છે :

શ્રીગોકુલેશ કે હોય કે, ઓર નમાવે માથ,
ધિક્કાર વાકે જન્મકો, ધિક્ ધિક્ વાકો સાથ.
શ્રીગોકુલેશ સ્વરૂપ હે, શ્રીગોકુલેશ ગુનપુર,
જિન ગોકુલેશ જાન્યો નહીં, વાકે મુખમેં ધૂર.

હિંડોળાનો પ્રારંભ થઇ ગયો છે. તો ચાલો, આપણે પણ વધાઇ કરીએ.

રાગ મલ્હાર

સાવન આયો સુહાવનોરી, હીંડોરના; ચલિ સખી દેખત જાય, સુરંગ હીંડોરના. ૧
હિલિ મિલિ સબ જુરી આયે હેં, હીં. સુનત રંગીલી વ્રજવધૂ. સુરંગ હીં. ૨
રચ્યો રંગીલે બાગમેં, હીં. પ્યારી પરમ ઉદાર હે, સુરંગ હીં. ૩
મનિ માનિક હીરા લગે, હીં. ઝૂમક મોતી સારકે, સુરંગ હીં. ૪
વરન વરન બદરા ભયે, હીં. ઝરમર વરસે મેહકે, સુરંગ હીં. ૫
હોડા હોડી ઉર લગી, હીં. ઇત સાવન ઉત નેહ કે, સુરંગ હીં. ૬
ધન ગરજે ભર જોરસું, હીં. પવન ઝકઝોરા લેત કે, સુરંગ હીં. ૭
ધનુષ ચઢાયો માનો કામને, હીં. વિજુરી ચમક સમેત કે, સુરંગ હીં. ૮
વનવેલી પ્રફુલ્લિત ભઇ, હીં. ગુલ્મલતા દ્રુમ ડાર કે, સુરંગ હીં. ૯
મધુ મેવા બહુ ભાંતિ કે, હીં. સુરંગ ફૂલે ફૂલ અપાર કે, સુરંગ હીં. ૧૦
મોર સોર ચહુંઓર તેં, હીં. વિવિધ વિહંગમ ગાનકે, સુરંગ હીં. ૧૧
શ્યામ ચુનરીયામે લસે, હીં. ચપલા ચતુર સુજાન કે, સુરંગ હીં. ૧૨
દોઉ મિલિ ઝૂલે રંગ ભરે, હીં. પીય પ્યારી મિલિ સંગકે, સુરંગ હીં. ૧૩
જુવતીજૂથ સબ રંગ રસ ભરે, હીં. ફૂલ પરસ્પર અંગ કે, સુરંગ હીં. ૧૪
વરખા ઋતુ રંગ રસ ભરી, હીં. રંગ ભરે, ગોકુલ ગામકે, સુરંગ હીં. ૧૫
ફૂલ ભરે જમુના ફૂલી, હીં. પ્રાનજીવન અભિરામ કે, સુરંગ હીં. ૧૬

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ અષાઢ વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ શ્રાવણ સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

ઓગસ્ત ૬, ૨૦૧૦ થી ઓગસ્ત ૧૯,૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - અષાઢ વદ	શુક્ર	ઓગસ્ટ-૬	શ્રીકામદા એકાદશી વ્રત
૧૨	શનિ	૭	
૧૩	રવિ	૮	
૧૪	સોમ	૯	
૩૦-૧ શ્રાવણ સુદ	મંગળ	૧૦	હરિયાળી અમાસ
૨	બુધ	૧૧	
૩	ગુરુ	૧૨	શ્રીઠકુરાની તીજ-મધુશ્રવા તીજ
૪	શુક્ર	૧૩	
૫	શનિ	૧૪	શ્રીનાગ પંચમી
૬	રવિ	૧૫	
૭	સોમ	૧૬	
૮	મંગળ	૧૭	શ્રીજન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ
૯	બુધ	૧૮	
૧૦	ગુરુ	૧૦	શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીમાન્ શ્રીલક્ષ્મણલાલજી મહારાજનો જન્મોત્સવ (સં.૧૮૬૪), આપશ્રીના વહુજી શ્રીચંદ્રાવલીમાઁજી મહારાજના નામથી પ્રસિદ્ધ થયા

જે કર્મથી ધર્મ, વૈરાગ્ય અથવા ભક્તિ થાય તે ત્રણ પ્રકારનાં કર્મ જ સફળ થાય છે. જે તેવાં કર્મ કરતો નથી તે જીવતાં પણ મરેલો જ છે, (કારણકે) કર્મ કરવું તે જીવનાં ને મરેલાંથી વિલક્ષણ સાબીત કરે છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૩.૫૬)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

ગઢાથી મથુરા-પ્રવાસ

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુના શ્રીગોકુલ પધાર્યાની ખબર મળતાં મથુરાના ઘણા વૈષ્ણવો તથા મહાવનના ચૌધરી લોકો સામા આવ્યા અને શ્રીગોકુલેશ પ્રભુ તથા પરિવારને આદરપૂર્વક વાજતે-ગાજતે શ્રીગોકુલમાં પધરાવ્યા.

શ્રીગોકુલનું વર્ણન :-

આ સમયના શ્રીગોકુલનું વર્ણન શ્રીગુસાંઈજીએ સ્વકૃત 'વિદ્વન્મંડન' નામના ગ્રંથમાં અનુપમ રીતે કર્યું છે. ગોપાલદાસભાઇ વ્યારાવાળાએ એનો ભાવ પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૨૧માં નીચે પ્રમાણે ગાય છે :

બ્રહ્માંનુ નિર્મિત નહિ જે છે કાલાતીત;
અલૌકિકનું અલૌકિક ને પ્રકૃતિ પ્રપંચ રહિત. ૩૯
લૌકિક માયાને કર્મનો ગમ્ય નહિ લવલેશ;
અલૌકિક અસુરથી ઓટને ત્યાં કર્યો પ્રવેશ. ૪૦
વૈકુંઠથી અધિકતર વચને અગોચર સોય;
અનુભવથી જ્ઞાપિત હોય, અન્ય ન જાણે કોય. ૪૧
કૃપા થકી અવલોકીએ, એ મહા પરમ અનૂપ;
ભાવી પ્રાપ્તિ હોય, એવું એ સ્વરૂપ. ૪૨
ભૂલ અનાદિ નિરંતર એ છે, સર્વદા નિત્ય;
રહસ્ય લીલા રમણ સ્થલ, રમણીય રમણ નિમિત્ય. ૪૩
પરમ રમણ સામગ્રી એ સેવિત સદા સોહાય;
મહા સુખનિધિ વરદ વરેશની ઉપમા કહીય ન જાય. ૪૪
આનંદમય અતિ સરસ, અને સર્વોપરિ ઉક્ત;
નિરવધિ રસ પૂરિત, શ્રીયમુનાજી એ યુક્ત. ૪૫
એવું શ્રીગોકુલ આનંદદાયક મૂલ;
અભીષ્ટરૂપ પરમપ્રિય એ કાલિંદીનું કૂલ. ૪૬
કાલિંદી રતિવર્ધન, કાલિંદી કામદ રૂપ;
કાલિંદી કૃત નિકેતન; કામી જેહ સ્વરૂપ. ૪૭

શ્રીગોકુલેશ પ્રભુના પધારતા પહેલાંનું શ્રીગોકુલ :-

શ્રીમહાપ્રભુજી પ્રથમ શ્રીગોકુલ પધાર્યા ત્યારે ત્યાં ફક્ત શ્રીયમુનાજીનો કાંઠો, કેટલાંક વન તથા સુંદર વૃક્ષો હતાં. વાસ, વસ્તી બિલકુલ હતા નહિ. શ્રીમહાપ્રભુજીએ પોતાના પધાર્યા પછી ત્યાં એક કોઠો કરી રાખ્યો હતો, અને પ્રતિવર્ષ ત્યાં પધારતા ત્યારે એમાં મુકામ કરતા. આ વખતે શ્રીગોકુલેશ પ્રભુ પધાર્યા ત્યારે એ કોઠામાં હથુઓ ને એનો પુત્ર કેશવ નામના બે વાળંદ તથા ઊધા ને કમલા નામની એમની પત્નીઓ તથા લલિતા નામની એક માલણ એમ કુલ પાંચ જણ રહેતાં હતાં. એઓ ત્યાં રહી એ સ્થળને વાળીઝૂડી સાફ રાખતાં તથા શ્રીમહાપ્રભુજીના ઘરની ગાયોની ત્યાં સંભાળ રાખતાં. આ સિવાય ત્યાં બીજી કોઇ વસ્તી નહોતી. એ પાંચ જણ સ્થલનું માહાત્મ્ય જાણીને રહ્યાં હતાં.

શ્રીયમુનાજીનું સ્વરૂપ :-

શ્રીગોકુલેશ પ્રભુના પધાર્યા પછી સેવોપયોગી સર્વ સામગ્રી ત્યાં આવી અને શહેર વસ્યું. શ્રીગોકુલમાં આવતાની સાથે ડેરાતંબૂ નખાયા અને રસોઇ ચાલતી થઇ. આ વખતે પાક કરવાની સેવા શ્રીશોભાજી તથા શ્રીસત્યાજીને શિર હતી. પાક તૈયાર થયો એટલે શ્રીગુસાંઇજીએ સ્વકીયને શિક્ષાર્થ શ્રીયમુનાજીને ભોગ ધર્યો, કારણકે લીલા-સમાજમાં શ્રીયમુનાજી મુખ્ય ભાવસંપન્ન તથા ક્લેશરહિત છે તથા સંગ અને સેવન કરનારને એ તદ્‌ભાવ ઉત્પન્ન કરી પરસ્પર ઐક્ય કરાવે છે તથા શ્રીયમુનાષ્ટકમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે તેમ, એ સ્વમાર્ગસાધન સ્વકીયને અર્થજ્ઞાપન, પોતાના સામર્થ્યથી પ્રભુની સુરતી ઉપજાવનાર અને સર્વ પુરુષાર્થનાં સાધક છે :- सकल-सिद्धि-हेतुं मुदा આવાં શ્રીયમુનાજીનું સેવન કરવાથી ઉપર્યુક્ત ફલની સ્વજનોને પ્રાપ્તિ થઇ શકે એ શ્રીગુસાંઈજીની ઇચ્છા હતી.

ભોગ સમર્પવા સમયે ત્યાં એક મીસરીનો ભરેલો કાચનો કૂંજો ભાંગ્યો એના કકડા કોઇએ લઇ શ્રીયમુનાજીના તીર પર ફેંક્યા, એ વખતે ફેંકનારનું અજ્ઞાન જોઇ શ્રીગુસાંઈજી કાંઇ બોલ્યા નહિ, અધીરા થઇ જાતે જ એ કાચના કકડા ઉઠાવી લીધા અને પછી શિક્ષાર્થે એ ફેંકનારને કહ્યું કે, 'તું શું સમજે ? મુખ્ય ભક્તને જે જાણતો નથી તે પ્રભુને શું જાણે ? એતન્માર્ગમાં સ્વકીયને હસ્ત કૃપા છે. નિર્હેતુક અને નિરુપધિક ભક્તની અવજ્ઞા કરવી નહિ. એવી અવજ્ઞા માર્ગીય ફલપ્રાપ્ત કરવામાં ઘણો વિલંબ અથવા પ્રતિબંધ કરે છે.' हन्ति सर्वाणि पुंसे महदतिक्रमः।। અર્થ : ભક્ત (અતિ કૃપાળુ)નો અતિક્રમ સર્વ શ્રેયોનો (ફલનો) નાશ કરે છે.

ભોગ સર્યા પછી સર્વ બાળકો સાથે શ્રીગુસાંઈજીએ ભોજન કર્યું.

ઘરનું બંધાવવું :-

શ્રીગુસાંઈજીએ ત્વરાથી સેવા તથા નિવાસ અર્થે અનેક ભવન તૈયાર કરાવ્યાં તથા વિશાળ ગૌશાળા, ઘોડાસ્થળ, કુંજ, બેઠક, પાઠશાળાઓ, વ્યાયામશાળા વગેરે સિદ્ધ કરાવી શ્રીગોકુલ વાસ કર્યો. પછી શ્રીગોકુલપતિ શ્રીગોકુલ પધાર્યાની વધાઇની ખબર ગુજરાતની મહાભાગ્ય સૃષ્ટિને કહેવા શ્રીગુસાંઈજીએ ભલાભાઇને મોકલ્યા. ખબર મળતાં સર્વત્ર આનંદ થયો તથા પાટણ, વીરપુર, કપડવંજ, રાજનગર, ખંભાત, ભરૂચ વગેરે સ્થળેથી ભાવિક ભક્તજન શ્રીગોકુલેશ પ્રભુનાં દર્શનાર્થે શ્રીગોકુલ આવ્યાં. અહીં આવ્યા પછી પુત્રના શ્રેયાર્થે વાત્સલ્યભાવથી શ્રીગુસાંઈજીએ ગોવર્ધનપૂજા, અન્નકૂટ ઉત્સવ વગેરે કર્યાં.

શ્રીગોકુલમાં બે-ચાર દિવસ રહી, શ્રીગુસાંઈજી શ્રીગોકુલેશ પ્રભુને સાથે લઇ શ્રીગોવર્ધન પધાર્યા. શ્રીગોવર્ધનનાથજી (શ્રીનાથજી) આનંદ તથા પ્રમોદથી સામા આવ્યા, અરસપરસ દર્શન કર્યા. આ સેવ્ય-સેવકનો ભેદ બીજાને સમજાય નહિ. 'જેમ પુરુષોત્તમ ઉત્તમ સ્વરૂપને સેવ્ય તેમ પુરુષોત્તમને લીલામધ્યપાતી સેવ્ય.' આ કારણથી જ શ્રીકૃષ્ણ પોતે શ્રીગીતાજીમાં કહે છે કે 'જે મને ભજે છે તેને હું ભજું છું!' વળી ગોપિકાગીતમાં ગોપીજનો ભગવાનને કહે છે કે 'भज सखे'. આવા વાક્યથી જણાય છે કે પુરુષોત્તમ પોતાના ઉત્તમ ભક્તને ભજે છે અને એમાં જ આનંદ માને છે. અહીં શ્રીગોકુલેશ પ્રભુએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો.

ભોમિયાનો ઉપદ્રવ :-

આ પ્રમાણે જન્માષ્ટમી પર શ્રીગોકુલમાં શ્રીગોકુલેશ પ્રભુ તથા શ્રીગુસાંઈજી નહિ હોવાથી ઉત્સવનું સર્વ કાર્ય શ્રીગિરિધરજીના હસ્તક હતું. એમણે ઘણા ઉત્સાહથી દહીં વગેરે પુષ્કળ ઉડાડી નંદમહોત્સવ કર્યો. એ વખતે મહાવનના કેટલાક ભોમિયા ઉત્સવના દર્શન માટે ત્યાં આવ્યા હતા એમના ઉપર દહીં પડ્યું અને તેથી એઓ ગુસ્સે થયા તથા વાગ્યુદ્ધ જામ્યું. એ દિવસથી તેઓ શ્રીગુસાંઈજી તથા એમના બાળકો પ્રત્યે દ્વેષ રાખતા થયા. શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલ આવ્યા પછી સર્વ સમાચાર જાણ્યા એટલે મનમાં ખેદ થયો. વળી એ લોકોએ શ્રીગુસાંઈજીના એક સેવકને ત્યાં ચોરી કરાવી, આ ઉપરથી શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે અત્ર રહેવું ઉચિત નથી. આ ક્લેશ સહેવાનું શું પ્રયોજન? તેથી એમને મથુરા જવા વિચાર કર્યો. આ વાતની ખબર પડતાં મહાવનના ચૌધરીએ આવી શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે રાજ! ભઇ સો ભઇ. આજથી ચિંતા ન કરતા. આજથી અમો અહીં રહી ચોકી પહેરો કરીશું ને દેશાધિપતિને કહી તેઓને શિક્ષા કરાવીશું. એ રંકથી શું થવાનું છે? તેઓને લીધે આપ અહીંથી મથુરા શા માટે પધારો છો? ત્યારે શ્રીગુસાંઈજી જે ઉપદ્રવનું ખરું રહસ્ય શ્રીગોકુલેશ પ્રભુની ઇચ્છા-સમજતા હતા તેમણે કહ્યું: એ ભોમિયાઓનું અમારે શા માટે બગાડવું જોઇએ?

દુષ્ટની દુષ્ટતા અનેક સહન એહવું એ પ્રાગટ્ય;
દોષ ગણે નહિ કેહના, ક્ષમાવંત ઉભય ।। ૨૨૪ ।।

મથુરાગમન સં. ૧૬૨૩ :-

આ કારણથી શ્રીગુસાંઈજીએ ચૌધરીની વિનંતી સ્વીકારી નહિ. આ પ્રમાણે મથુરા જવાનું નક્કી થયું અને કારતક સુદ ૧૦નું મુહૂર્ત આવ્યું, પણ એ શ્રીગુસાંઈજીને ગમ્યું નહિ, કારણકે બાળકો મથુરા જઇ એ દિવસે તીર્થ ઉપવાસ કરે અને બીજે દિવસે પ્રબોધિની (કારતક સુદિ ૧૧)નો ઉપવાસ કરવો પડે એમ બાળકોને બે ઉપવાસ સાથે કરવા પડે એ શ્રીગુસાંઈજીથી સહન થાય નહિ, તેથી પ્રબોધિનીએ પ્રયાણ શરૂ કર્યું. આ પ્રમાણે ૮૪ દિવસ શ્રીગોકુલમાં બિરાજી સં.૧૬૨૩ કારતક સુદ ૧૧ના રોજ મથુરામાં પ્રવેશ કર્યો.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું એકવીસમાં નામ **वैश्वानरो**[२१] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ વૈશ્વાનર આ નામની પ્રતીતિ થાય છે. **स वै नाप्नोति शोभनम् (१०.२४.११), अस्ति चेद् ईश्वरः कश्चित् (१०.२४.१४), आजीव्यैक्तरं भावं (१०.२४.१९), पारम्पर्यागतं नरः (१०.२४.११)**

શ્રીગુસાંઈજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. આપશ્રી અલૌકિક અગ્નિ સ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું એકવીસમું નામ **वैश्वानरो**[२१] પ્રગટ કર્યું.

હવે આગળ કહે છે કે શ્રીમહાપ્રભુજી કેવા છે? શ્રીઠાકોરજીનું મુખ છે તે અગ્નિરૂપ છે. અને શ્રીમહાપ્રભુજી આપ તે અલૌકિક શ્રીમુખારવિંદનો અવતાર છે, તેથી અલૌકિક અગ્નિરૂપ છે. તેથી દોષવાળા જીવોના બધા દોષોને અલૌકિક અગ્નિથી ભસ્મ કરી નાખે છે. તેથી આ નામ કહ્યું. પણ અહીં શંકા થાય છે કે શ્રીમહાપ્રભુજી આપ અલૌકિક અગ્નિસ્વરૂપ છે તો એમનું તેજ ભક્તોથી કેમ સહન થતું હશે? તેથી ભક્તોથી સેવા પણ સારી રીતે નહીં કરી શકાતી હોય! આવી કોઈક ને શંકા થાય ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું અલૌકિક સ્વરૂપ સમજાવતાં બાવીસમું નામ પ્રગટ કરે **वल्लभाख्यः**[२२] છે.

वैश्वानरो[२१] **वल्लभाख्यः**[२२] **सद्रूपो**[२३] **हितकृत्-सताम्**[२४] ।।
जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] **निखिलेष्टदः**[२६] ।। १२ ।।

ભાવાર્થ :- [૨૧]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [૨૨]ભક્તોને પ્રિય છો, [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [૨૪]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [૨૫]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

वल्लभाख्यः[२२]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) ભક્તોને પ્રિય છો.

રાગ : ગોરી

વલ્લભાખ્ય મોકોં લાગે વલ્લભ અતિ ।
રસના દિનરૈન કરહોં રટન લગન લાગિ રહે સુનહું પ્રાનપતિ ।। ૧ ।।
તિહારે દરસ બિન દુખ પાવત હૌં કરહુ કૃપા રંકપર દ્વિજપતિ ।
મહાલક્ષ્મીપતિ સુનહુ વિનંતિ સદા રહૌ ઐસી મેરી મતિ ।। ૨ ।।

દુર્લભાંઘ્રિ સદા હौं સુનહું સુબોધિની વચનામૃત નિતિ ।
ઔર સબૈ તજિ સરન ભયૌ હौं તુમ બિન 'ગોવિંદ' કી ન ઔર ગતિ ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, [૨૨]ભક્તોને પ્રિય **वल्लभाख्यः**[૨૨] છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- (આચાર્યશ્રી) વૈશ્વાનર હોવાથી પુરુષોત્તમના મુખારવિંદરૂપ અલૌકિક અગ્નિરૂપ હોઇ સહન ન થઇ શકે તેવા તેજવાળા હોવાથી, ભક્તોને સેવા કરતાં પીડા કરનાર થતાં, સેવા થઇ ન શકે, એવી શંકા થાય, તેથી (તેઓશ્રી) તેજરૂપ હોવા છતાં સેવા કરવામાં પીડા કરે તેવા નથી એમ જણાવવા 'વલ્લભાખ્ય' એ (નામ) કહેલું છે. 'વલ્લભ' એવી 'આખ્યા' એટલે નામ છે જેમનું તે '**वल्लभाख्य**:'. પહેલાનાં નામનાં '**वैश्वानरो**' કહી, પછીના નામમાં '**वल्लभाख्य**:' કહ્યું તેનો આશય નીચે પ્રમાણે છે. 'જેમ શીયાળામાં અગ્નિ સ્વભાવથી પણ બધાઓની ટાઢ દૂર કરનારો હોઇ પ્રિય થાય છે, પરંતુ તે સિવાયના સમયમાં (પ્રિય) થતો નથી, તેની પેઠે આચાર્યશ્રીના સેવકોને પણ આચાર્યશ્રી સદા અલૌકિક તેજ પ્રગટ કરનારા હોવાથી અલૌકિક અગ્નિની પેઠે કોઇ સમયે સુખ આપનારા થતા હશે અને કોઇ સમયે (તેવા) નહિ હોય', એવી શંકા દૂર કરવા પણ '**वल्लभाख्य**:' એ (નામ) કહેલું છે. વધારે થવાના ભેદને લીધે તે કોઇ સમયે પ્રિય હોય છે અને કોઇ સમયે પ્રિય નથી હોતો, એવી વ્યવસ્થા તેના સંબંધમાં સદાની છે. આચાર્યશ્રી તો પુરુષોત્તમના મુખરૂપ હોવાથી, તેમનું તેજ પણ આનંદરૂફ હોવાથી સદા ઘણું પ્રિય જ હોય છે, પરંતુ કોઇ સમયે (તેનાં) પ્રિયપણામાં ભેદ પણ થતો નથી, એમ જણાવવા પણ '**वल्लभाख्य**:' એ (નામ) કહેલું છે.

સરળ સમજૂતિ :- આપશ્રીમાં અગ્નિસ્વરૂપ અને પ્રિયસ્વરૂપ બન્નેની સ્થિતિ સદા વિદ્યમાન હોવાથી બન્ને વિરૂદ્ધગુણો એક જ સાથે રહે છે એ જ આપણા વિરુદ્ધધર્માશ્રયનું લક્ષણ છે.

માધવભટ્ટ કાશ્મીરિ જ્યારે પોતાના ગુરુ નિમ્બાર્કાચાર્ય કેશવ ભટ્ટ સાથે વૃંદાવનમાં શ્રીઆચાર્યશ્રીની કથા સાંભળવા આવ્યા ત્યારે આપશ્રીએ માધવભટ્ટને અત્યંત મનોહર પ્રિય સ્વરૂપનાં દર્શન આપ્યાં, કેશવ ભટ્ટની આજ્ઞાથી માધવ ભટ્ટ શ્રીઆચાર્યજી પાસે જ આજીવન રહ્યા.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૨]ભક્તોને પ્રિય वल्लभाख्यः [૨૨] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

–: ભગવદ્ ભાવનું રક્ષણ :-

સેવા-સ્મરણ વિગેરે સાધનોથી ઉત્પન્ન થતો પ્રભુ પ્રત્યેનો પ્રેમ દૈવી જ હોય છે. પ્રેમની આ પ્રાથમિક અવસ્થા મનાય છે. આ પ્રેમને ગાઢ બનાવવા સ્વરૂપને જીવન ધ્યેય બનાવીને સેવા-સ્મરણાદિમાં મનને જોડી રાખવું જોઇએ. પ્રભુ પ્રત્યે ઉત્પન્ન થયેલો પ્રેમભાવ એ 'નિધિ' છે. અને પ્રાથમિક દશામાં એ બાળક જેવો હોય છે. તેથી એનું જતન કરવું જરૂરનું છે. એટલે કે પ્રેમભાવનું અનુસંધાન છૂટી ન જાય, તેવી રીતે સેવા-સ્મરણાદિમાં મનને જોડી રાખવું. પ્રેમભાવના જતનથી ઉત્તરોત્તર છૂટી ન જાય, તેવી રીતે સેવા સ્મરણાદિમાં મનને જોડી રાખવું. પ્રેમભાવના જતનથી ઉત્તરોત્તર પ્રેમ વધતો જાય છે અને વ્યસન દશાએ પહોચે છે. ત્યારે જ આ પ્રેમનું જીવન કૃતાર્થ બની જાય છે. જેમ માતા પોતાના બાળકનું ડાકીણીથી રક્ષણ કરે છે, તેવી જ રીતે પ્રેમભાવનું દુ:સંગથી રક્ષણ કરવું. આમ અવિરતપણે કરતા રહેવાથી ફલદશાને પ્રાપ્ત કરી શકાય છે.....

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૨.ભગવદીયે દયા રાખવી-હિંસા ન કરવી.

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે-દૂરો લક્ષણ કહેત હેં. વૈષ્ણવ કો પ્રાણી માત્રપેં દયા કરની-રાખની. સો કેસે દયા કરની? કુંજરતેં ચેંટી પર્યંત દોઉનમેં એક જાને. છોટે બડે જીવ સબ શ્રીપ્રભુકે હે, પ્રતિબિંબ ન્યારે ન્યારે દીસત હે. અંતર્યામી સબમેં એકહી હે. યહ ભાવ જાનિકે ભગવદીયકો હિંસાતે અત્યંત ડરપત રહનો. કાહુકો હૃદય કલપાવનો નાંહી ઓર મન વચન દેહતે ભલો કરનો. આપુ મન-વચન-દેહસે ન્યારે હે. સુખ-દુઃખતે દૂરિ હે. તાતે વૈષ્ણવ હોય કે પ્રાણી માત્રપે દયા રાખે. પ્રસંગ દુસરો. ૨

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત દ્વિતીય વચનામૃત સંપૂર્ણમ્ ।।

શ્રીધોલ પદ

શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે

શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે;	શ્રીવલ્લભ મેરો, જીવનપ્રાણ આધાર રે.	૧
શ્રીવલ્લભમેરો, શ્રીરુકમિણીજીનો લાલ રે;	શ્રીવલ્લભજીને માલા તિલકનો ભાર રે.	૨
શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાયજીનો તાત રે;	શ્રીવલ્લભજીના મુખડાની મીઠી વાત રે.	૩
શ્રીવલ્લભમેરો, શોભા બેનીનો વીર રે;	શ્રીવલ્લભ મેરો, ન સહે પરાઈ પીર રે.	૪
શ્રીવલ્લભજીના, કેશરભીના ગાલ રે;	શ્રીવલ્લભજીને, ગાઈયે દિવસ ને રાત રે.	૫
શ્રીવલ્લભજીના, ગાઈએ ગુણવિસ્તાર રે;	આ તેણીવેળા, રંગ મચ્યો તતકાળ રે.	૬
શ્રીવલ્લભજીના, સેવક કહીયે ધન્ય ધન્ય રે;	એ સેવકકેરાં, ચળવિચળ નહિ મન રે.	૭
એ અનન્યતામાં, જાણે છે વિરલા કોઈ રે;	એ જાણ્યા પછી ચિત્ત ન આવે બીજું કાંઈ રે.	૮
શ્રી ગુંસાઈજીએ, કહી છે સઘળી વાત રે;	આ મેરે મનકી, જાણે શ્રીગોકુલનાથ રે.	૯
શ્રીવલ્લભજીએ, માની ન દુનિયાદાર રે;	શ્રીવલ્લભજીએ, કહ્યું ન કર્યું લગાર રે.	૧૦
શ્રીવલ્લભજીએ, રાખ્યો માલાનો ધર્મ રે;	શ્રીવલ્લભજીને, ધોતી ઉપરણા રંગે રે.	૧૧
શ્રીવલ્લભજીને તિલક સોહીએ ભાલ રે,	શ્રીવલ્લભજીને, કંઠે તુલસીની માલ રે.	૧૨
શ્રીવલ્લભજી મેરો, પારવતી વહુજીનો કંથ રે,	શ્રીવલ્લભજીનો, નિગમ ન જાણે અંત રે.	૧૩

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

ધ્યાનદાસ

આ ધ્યાનદાસ લાહોરના વતની હતા. તેઓ સંગીતના સારા જાણકાર હતા. રાગ, લય, તાલ વગેરેમાં નિપુણ હતા. સારંગી વાદ્ય વગાડવામાં ખૂબ જ કુશળ હતા. તેઓ 'સારંગી શિરોમણિ' કહેવાતા હતા તથા શ્રીગોકુલેશ પ્રભુમાં સ્વરૂપાસક્ત અને અનન્યભાવ ધરાવતા હતા.

પ્રસંગ ૧

આ ધ્યાનદાસ કાશ્મીરમાં જહાંગીર બાદશાહ પાસે ગવૈયા તરીકે રહેતા હતા. માલા-તિલક પ્રસંગે જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ બાદશાહને મળવા કાશ્મીર પધાર્યા ત્યારે દૂરથી જ શ્રીગોકુલેશ પ્રભુના દર્શન થતાં ધ્યાનદાસ પોતાના ઘોડા પરથી કૂદી પડ્યા અને દોડતા આવી શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ પાલખી પાસે લોટવા લાગ્યા. તેમના હૃદયનો ઉત્કટ ભાવ જોઇ શ્રીગોકુલેશ પ્રભુ ભાવ-વિભોર બની ગયા અને પ્રસન્ન થઇ કૃપાકટાક્ષ કરી ધ્યાનદાસનું સમાધાન કર્યું હતું. અહીંથી ધ્યાનદાસ શ્રીગોકુલેશ પ્રભુની સુખપાલ સાથે પગે ચાલીને કાશ્મીર સુધી ગયા હતા. ધ્યાનદાસના હૃદયનો ભાવ તો અનુભવી હોય તે જાણે.

પ્રસંગ ૨

એક વખત જન્માષ્ટમીનો ઉત્સવ હતો. શ્રીગોકુલેશ પ્રભુ ગાદી તકિયે બિરાજ્યા હતા. ધ્યાનદાસ શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ બેસી સ્વરૂપામૃતનું પાન કરી રહ્યાં હતા. તે સમયે ધ્યાનદાસે વિનંતી કરીઃ 'મહારાજાધિરાજ! આ ઉત્સવ શું? સર્વ ઇન્દ્રિયો દુઃખી હોય, વૈષ્ણવ આખા દિવસ ભૂખ્યા રહે ત્યારે એ દિવસને ઉત્સવ કેમ કહેવાય? રાજ! ઉત્સવ તો તેને કહેવાય કે જ્યારે રાગ-ભોગથી સર્વ ઇન્દ્રિયો સુખદાયી બને, જલેબી-મિસરી આદિ પ્રસાદથી આખો દિવસ મુખ રસરૂપ ભરેલું રહે અને સર્વ વૈષ્ણવો મહાપ્રસાદ લેતા હોય અને પરસ્પર લેવડાવતા હોય તેમજ સર્વત્ર આનંદ-ઉત્સવ થઇ રહ્યો હોય!'

આ સાંભળી કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુ અતિ પ્રસન્ન થયા અને પ્રસન્ન વદને શ્રીમુખે બોલ્યા : 'ધ્યાનદાસ, તમારો ઉત્સવ સંબંધી ભાવ સારો છે', તે સમયે માલજીભાઇ પંચોલી ત્યાં બેઠા હતા. તેમને વિનંતી કરી કેઃ 'કૃપાનાથ! આપના શ્રીઠાકોરજીના ઉત્સવ સારું કે અમારા ઉત્સવ સારું?' આ સાંભળી શ્રીગોકુલેશ પ્રભુ મૌન રહ્યાં.

ત્યારે માલજીભાઇ પંચોલીએ ફરીથી વિનંતી કરીઃ 'કૃપાનાથ! આપ મૌન કેમ છો? અમારા માટે સત્ય અને હિતકારી જે વચનો હોય તે કહો.' ત્યારે ભાવભર્યા હાસ્યરસના વચનોથી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરીઃ 'તમારા શ્રીઠાકોરજીના ઉત્સવે સારું.' આમ કહી આપશ્રીએ સુચવ્યું કે શ્રીઠાકોરજીનો ઉત્સવ તો ઉત્સવ છે જ, પરંતુ સૌને માટે મારો જન્મદિન મહાઉત્સવ છે. આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખે જ સ્વજન્મોત્સવનું સ્વરૂપ સ્વકીયજનો સમક્ષ પ્રગટ કર્યું હતું.

પ્રસંગ ૩

એક વખત ધ્યાનદાસે કોઇ પ્રસંગે આગ્રા જવાનું થયું. ધ્યાનદાસને રસોઇ માટેની સુવિધા નહોતી. આથી તેમણે શ્રીગોકુલેશને વિનંતી કરીઃ 'કૃપાનાથ! રસોઇ માટે મારી સાથે એક માણસ હોય તો સારું' ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ રતનજી બ્રાહ્મણને રસોઇ માટે ધ્યાનદાસ માટે મોકલ્યા અને આપશ્રીએ આજ્ઞા કરી કે આ રતનજીના હાથે મહાપ્રસાદ લેજો.

આગ્રા પહોંચી ધ્યાનદાસ સ્નાન કરવાને ગયા. આ તરફ રતનજીએ સામગ્રી સિદ્ધ કરી શ્રીગોકુલેશ પ્રભુને ભોગ ધર્યો, પછી ભોગ સરાવી મહાપ્રસાદ ઢાંકી રાખ્યો. એટલામાં ધ્યાનદાસ સ્નાનાદિથી પરવારીને આવ્યા. તે દરમ્યાન મહાપ્રસાદ શીતળ થઇ ગયો હતો. આ જોઇ ધ્યાનદાસે રતનજીને કહ્યું: 'આરોગનાર તો અઢાર કોસ દૂર બિરાજે છે. હવે આ શીતળ સામગ્રી કેવી રીતે આરોગશે?' આ ધ્યાનદાસને એવી ટેવ હતી કે તવા પરથી ગરમ રોટલી જ રુચતી હતી. આથી રતનજી ઉપર ગુસ્સે થઇને તેને કાઢી મૂક્યો. રતનજી શ્રીગોકુલ પાછો આવીને શ્રીગોકુલેશ પ્રભુને આ સર્વ હકીકત કહી સંભળાવી. આ સાંભળી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરીઃ 'રતનજી, ધ્યાનદાસના શ્રીઠાકોરજી તો તવા ઉપર જ આરોગે છે. સામગ્રી શીતલ શા માટે તે રાખી? તેથી ધ્યાનદાસને ગુસ્સો આવ્યો છે?' શ્રીગોકુલેશ પ્રભુ પોતાના અંતરંગ સેવકોના હૃદયનો અનન્ય ભાવ જાણતા હતા અને સ્વકીયજનના પક્ષપાતી હતા આથી શ્રીમુખે આવા વચનો કહ્યાં. દરેક સેવકના હૃદયનો ભાવ જુદો જુદો હોય છે, તે અહીં દર્શાવ્યું છે.

પ્રસંગ ૪

એક વાર ધ્યાનદાસ આઠ મહિના પછી કાશ્મીરથી શ્રીગોકુલ આવ્યા. હાથમાં સારંગી હતી અને આર્તભાવે ગદ્ ગદ્ સ્વરે બોલ્યા: 'કૃપાનાથ! આઠ માસ પછી સારંગી હાથમાં લીધી છે.' શ્રીગોકુલેશ પ્રભુની આજ્ઞા લઇ સારંગી વગાડી અને શ્રીગોકુલેશ પ્રભુએ અતિ પ્રસન્ન થઇ શ્રીમુખે કહ્યું: 'ધ્યાનદાસ, અમે પણ આઠ માસ પછી આજે સારંગી સાંભળી છે. તમને સારંગી વગાડે આઠ માસ થયા તો અમને સારંગી સાંભળ્યે પણ આઠ માસ થયા છે.'

શ્રીગોકુલેશ પ્રભુને સારંગી અતિ પ્રિય હતી. આથી શ્રીહરિરાયચરણ 'શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામાવલિ'માં આજ્ઞા કરે છે - '**सारङ्गी-वाद्य-प्रियाय नमः**'

પ્રસંગ ૫

જહાંગીર બાદશાહ પણ ધ્યાનદાસનું ઘણું માન રાખતો હતો. ધ્યાનદાસે શ્રીમદ્ ગોકુલમાં ગાયોને ચરવાને ભૂમિ તેમજ બગીચા માટેની જમીનને બક્ષીસપત્ર બાદશાહ પાસે કરાવી લીધો હતો. વિશેષમાં શ્રીમદ્ ગોકુલના મંદિરોના અને મંદિરોની જમીનના જે કર ભરવામાં આવતા હતા તે બધાનો કરમાફીપત્ર પણ બાદશાહ પાસે કરાવી લીધો હતો. આ પ્રમાણે ધ્યાનદાસે શ્રીમદ્ ગોકુલ અને શ્રીગોકુલેશ પ્રભુચરણની અદ્વિતીય સેવા કરી હતી.

પ્રસંગ ૬

ધ્યાનદાસની મુખ્ય સેવા સારંગીવાદનથી શ્રીગોકુલેશ પ્રભુને પ્રસન્ન કરવાની હતી. જ્યારે ધ્યાનદાસ લાહોરમાં ભૌતિક દેહ ત્યજી લીલામાં પહોંચ્યા ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખે વચનો કહ્યાં: 'ધ્યાનદાસની સાથે સારંગી પણ

ગઈ. હવે જે સારંગી વગાડશે તે બાવરો અને જે સાંભળશે તે પણ બાવરો. ધ્યાનદાસ એક ગુણવાન અને અનન્ય ભગવદીય હતા. એવા ભગવદીય હવે થશે નહિ.'

ધ્યાનદાસ શ્રીગોકુલેશ પ્રભુના આવા સ્વરૂપનિષ્ઠ અંતરંગ ભગવદીય હતા. શ્રીગોકુલેશ પ્રભુ શ્રીમુખે વારંવાર સરાહના કરતા અને તેમના ઉપર અહર્નિશ પ્રસન્ન રહેતા હતા. આવા ભાગ્યવાન ભગવદીયના ભાવનું વર્ણન થઈ શકે એમ નથી.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

જૈ જૈ શ્રીગોકુલેશ

મંડપ ગાવા મોહનભાઈ

મંડપ ગાવા મોહનભાઈ, સુજાતી સાથમાં મારે લોલ;

વ્હાલો મારો લટકંતા પાઉં ધારે કે, ચાલ સોહામણી રે લોલ. ૧

વ્હાલાજીએ ધોતી પહેરી સાર કે, ઉપરણો કેસરી રે લોલ;

વ્હાલાજીએ ટેઢી બાંધી પાઘ, કભાય પહેરી જરકસીરે લોલ. ૨

વ્હાલાજીને તોરા સોહીયે પાઘ કે, બેઉં બાજુ એ રે લોલ;

વ્હાલાજી તો તિબારીમાં બિરાજે, કે સહુ દરસન કરે રે લોલ. ૩

એહોના દરસનથી સુખ થાય કે, દુઃખ સહું દુર ગયા રે લોલ;

વ્હાલાજી તો તાલી લેઈ ગવરાવે, સુજાતી સાથમાં રે લોલ. ૪

વ્હાલાજી તો લટકંતા રસાલ કે, જોઈ મારૂં મન ઠરે રે લોલ;

એહોની શોભા ઝાકઝમાલ કે, હું કયા લગી કહું રે લોલ. ૫

દાસી માંગે વારંવાર, માંગ્યું મુને દીજીએ રે લોલ;

કૃપા દ્રષ્ટિ કરી કરૂણાળુ, ચરણ સેવા દીજીયે રે લોલ. ૬

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

આ વજેરામભાઇ ઉર્ફે મોટાભાઇ ગોધરાના વતની હતા. તેઓ સારા ભક્તકવિ પણ હતા. મોટાભાઇ દુહા-છંદમાં રચેલા આ પુષ્ટિમાર્ગીય શિક્ષા કાવ્યમાં પુષ્ટિમાર્ગના વિવિધ સિદ્ધાંતોને, સચોટ શૈલીમાં સમજાવે છે. સ્વમાર્ગના હાર્દરૂપ 'સેવા'નું વિશેષ વર્ણન આ કાવ્ય ગ્રંથમાં મળી આવે છે.

હવે પ્રથમ મોટાભાઇ મંગલાચરણ કરે છે. મંગલાચરણ શા માટે? તો ત્યાં આપણા શાસ્ત્ર કહે છે કે કોઇપણ શુભ કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ અર્થે પ્રથમ મંગલાચરણ કરવું. મંગલનું આચરણ તે મંગલાચરણ. તેથી પ્રથમ ચાર કડીઓમાં મોટાભાઇ મંગલાચરણ કરે છે. સાથે ૮૪-૨૫૨ ભગવદીયોનું સ્મરણ કરી તેમને વિનંતી કરે છે.

શ્રીવલ્લભના ચરણની, રજ તણા જે દાસ;

પદ રજ વંદુ તેહની, મન કર્મ દઢ વિશ્વાસ. ૧

શ્રીમદ્ વિઠ્ઠલ પ્રભુ તણા, કૃપા પાત્ર જે જન;

તે વાંછા મુજ દીન પર, રહેજો સદા પ્રસન્ન. ૨

શ્રીવલ્લભાધીશ શ્રીમહાપ્રભુજીની ચરણરજના દાસ એવા ૮૪ આદિ ભગવદીયોની પદ રજને હું (મોટાભાઇ) વંદન કરૂં છું. મારા મનમાં એમના પ્રતિ દઢ વિશ્વાસ છે. કૃતિમાં પણ એમને જ અનુસરવાથી કાર્ય સિદ્ધ થશે એવી મને પૂરી પ્રતીતિ છે. ૧

વળી, પરમ કૃપાલુ પ્રભુચરણ શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર એવા ૨૫૨ આદિ ભગવદીયો પણ મારા જેવા દીન જન ઉપર સદા પ્રસન્ન રહે, એવી મનમાં વાંછના રાખું છું. ૨

હવે પછીની બે કડીઓમાં શ્રીવલ્લભ તથા આપશ્રીના પરિવારની પોતાના ઉપર કૃપા વર્ષાવે એવી અભિલાષા વ્યક્ત કરે છે:

શ્રીમદ્ વલ્લભ કલ્પતરુ, જે ફલિત જગ માંહિ;

મારા સિર પર ઝુકી રહો, તે તરૂવરની છાંહિ. ૩

જેના શરણે ઊપજે, પ્રેમ લક્ષણા ભક્તિ;

પ્રગટે શ્રીકૃષ્ણ સ્વરૂપમાં, સેવાની આસક્તિ. ૪

શ્રીવલ્લભનો પરિવાર તે કલ્પવૃક્ષ સમાન છે. વૃક્ષની શાખાઓની જેમ, શ્રીવલ્લભના વંશનો વિસ્તાર, દૈવીજીવોને છાયા અને શીતળતા અર્પી રહ્યો છે. કલ્પતરૂની જેમ એમની મનોકામનાઓને પૂરી રહ્યો છે. લીલાના

જીવોને લીલા રસમય ફળનો આસ્વાદ કરાવે છેઃ એ વૃક્ષની શીતળ છાયા સદા યે મારા મસ્તક પર ઝુકી રહો; એમની કૃપા રૂપી છત્ર છાયામાં રહેવાનું મને સદૈવ પ્રાપ્ત થાઓ. ૩

કેમકે શ્રીવલ્લભના પરિવારને શરણને પ્રાપ્ત જ હૃદયમાં પ્રેમ લક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે. શ્રીકૃષ્ણના સ્વરૂપમાં તેમ જ તેમની સેવામાં મનની આસક્તિ થાય છે. ૪

રે મન, જ્યારે કલિ વિષે પ્રસર્યાં બહુ પાખંડ;

અસુર અવિદ્યા બલ થકી, ધર્મ થયા શત-ખંડ. ૫

નાના મતની તાણમાં, રહ્યો ન તત્ત્વ વિચાર;

પંડિત પડ્યા વિવાદમાં, કોણ કરે નિર્ધાર ? ૬

પ્રેમ લક્ષણા ભક્તિ જે, કેવલ પુષ્ટિ પ્રકાર;

તિરોધાન પામી સકલ, શૂદ્ર થયાં નર નાર. ૭

કલિકાલનું બળ વધતું જતું હતું. સાચા જ્ઞાનને અવિદ્યાના બળથી આસુરી મતો પ્રચલ્લિત થઇ રહ્યા હતા. અને વેદ પ્રતિપાદિત મુખ્ય ધર્મમાંથી સેંકડો ફાંટા નીકળવા લાગ્યા હતા. જેમ શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરે છે કેઃ सर्वमार्गेषु नष्टेषु कलौ च खल-धर्मिणि। पषण्ड-प्रचुरे लोके...... સર્વ માર્ગો કલિકાલને કારણે નષ્ટ થઇ ગયા છે. ૫

જાત જાતનાં મતોની ખેંચતાણમાં સાચા સિદ્ધાંતોની વિચારણા લુપ્ત થઇ હતી. જેમકે તત્ત્વાર્થદીપ નિબંધ ૧.૧૬માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'बुद्धावतारे त्वधुना कलौ तद्वशगाः सुराः। नानामतानि विप्रेषु भूत्वा कुर्वन्ति मोहनम्।।', કૃષ્ણાશ્રય શ્લોક ૬માં પણ શ્રીમહાપ્રભુજી વધુમાં આજ્ઞા કરે છે કે : 'नाना-वाद-विनष्टेषु सर्व-कर्म-व्रतादिषु....' પંડિતો શાસ્ત્રાર્થ સભાઓમાં પોત-પોતાનું અહં સિદ્ધ કરવા માટે જ ચર્ચાઓ કરી રહ્યાં હતા; ત્યાં વેદ શુદ્ધ અર્થનો નિર્ણય કોણ કરી શકે ? ૬

અને સૌથી વિશેષ તો એ કે શુદ્ધ પુષ્ટિપ્રકારની પ્રેમ લક્ષણા ભક્તિ તો સાવ તિરોધાન થઇ ગઇ હતી. એટલે શ્રીમહાપ્રભુજી પણ શુદ્ધ પુષ્ટિ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિ માટે પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ ગ્રંથ ૧૬માં આજ્ઞા કરે છે કે '......शुद्धाः प्रेम्णाऽतिदुर्लभाः।।' અરે, મર્યાદા વર્ણ વ્યવસ્થા એ છિન્ન-ભિન્ન થતી હતી. ત્રિવર્ણના લોકો શુદ્ધ આચારને ભૂલીને શૂદ્ર જેવા થયા હતા. ૭

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

મનપ્રબોધ સમ ગ્રંથ યહ કીનોં કરી પ્રકાશ ।

મનપ્રકાશ બોધક નિપટ સબતેં કરે ઉદાસ ।। ૯ ।।

મનની ઉદ્વેગની સ્થિતિમાં આ ગ્રંથ પ્રકાશરૂપ છે. શું યોગ્ય છે અને શું અયોગ્ય આ વસ્તુનો નિર્ણય જ્યારે બુદ્ધિ ન કરી શકે ત્યારે અંધકાર છવાઇ જાય છે. પ્રકાશનો આવિર્ભાવ અંધકારને દૂર કરે છે. જેમ ખોવાયેલ વસ્તુ અંધકારમાં મળતી નથી અને પ્રકાશ થતાં મળી જાય છે, તેમ મનમાં પ્રબોધનો પ્રકાશ થતાં યોગ્ય-અયોગ્યની સ્મૃતિ થાય અને ગ્રાહ્ય-ત્યાજ્યનો વિવેક થતાં મળી જાય છે, તેમ મનમાં પ્રબોધનો પ્રકાશ થતાં યોગ્ય-અયોગ્યની સ્મૃતિ થાય અને ગ્રાહ્ય-ત્યાજ્યનો વિવેક ઉત્પન્ન થાય છે. મનપ્રબોધ મનને ઉદ્વેગથી છોડાવીને આનંદની ઉપલબ્ધિ કરાવે છે. ઇતર રસની તુચ્છતાનું ભાન થતાં સ્વામી અને એના સંબંધ વિનાનાં સર્વે પદાર્થો પ્રત્યે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે. બોધક નિપટ સબતેં કરે ઉદાસ- એટલે રસનાં અધિપતિ મારા હૃદયનાં સ્વામી શ્રીગોકુલનાં ઈન્દુ વિનાનું જે કંઇ જગત છે, તેનાથી સંપૂર્ણપણે વિરક્ત કરે. યોગીઓ-તપસ્વીઓની જે ઉદાસીનતા છે તેના કરતાં આ ઉદાસીનતા અત્યંત વિલક્ષણ છે. ભગવદ્ રસના અનુભવ વિના જગત પ્રત્યેની ઉદાસીનતા નિરર્થક જ નહિં નિરસ પણ છે. મનપ્રબોધ ગ્રંથ દ્વારા જ્યારે હૃદય ભગવદ્ રસથી ઓતપ્રોત બની જાય ત્યારે અન્ય રસને ત્યાં રહેવાની જગ્યા જ નથી રહેતી અને અલૌકિક રસથી મત્ત બનેલા અંત:કરણથી જગત પ્રત્યેની ઉદાસી સહજ અને ઉપયોગી હોય છે.

મનપ્રબોધ ગ્રંથની ફલશ્રુતિ બતાવતાં આગળ ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે કે :-

ચરણકમલમેં મન રહે આન રહે નહીં આશ ।

ઉદ્દીપન સદ્ભાવ કરિ મનકો કરે પ્રકાશ ।। ૧૦ ।।

ગ્રંથમાં પ્રતિપાદિત વિષય એવો છે કે જેનું મનન કરવાથી ચરણકમલમાં એવો અનુરાગ ઉત્પન્ન થાય છે કે અન્ય કોઇપણ પ્રકારની આશા જ ન રહે. જેને ભાવની સમજ ના હોય તેમાં ભાવનો ઉદ્ભવ થાય, જેમાં ભાવ હોય તે વધીને પ્રભુને પ્રિય લાગે એવો થાય. મનની અંદર સદ્ભાવના ઉત્પન્ન થાય. અનન્યતાનાં પથિકો માટે સ્વસુખની વૃત્તિ છૂટે અને સ્વામીની પ્રસન્નતામાં જ પોતાનું સુખ માને એ સદ્ભાવના. પોતે દુ:ખ સહન કરીને સ્વામીના સુખનો વિચાર કરે ત્યાં સુધી ભાવની અપરિપક્વતા કહેવાય. પ્રભુને સુખ આપવામાં પોતે સુખનો અનુભવ કરે ત્યારે જ ભાવની સ્નેહની સહજ પરિપક્વતા કહેવાય. આ પ્રકારની ભાવની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મનપ્રબોધ ગ્રંથ ખૂબ જ ઉપયોગી થશે. એમ ગોપાલદાસભાઇ અનુભવ કરીને નિજજનોના ભાવની દૃઢતા પ્રાપ્ત થાય એમ કહે છે.

આગળ વધુ ઉપાદેયતા પ્રસ્તુત કરતાં કહે છે કે :-

જિહિ સુનિકે ચિન્તા સકલ લૌકિક અલૌકિક શેષ ।

કોઇ દુ:ખ વ્યાપે નહીં દોષ રહે નહીં લેશ ।। ૧૧ ।।

કૃપા વિના આ કૃપામાર્ગમાં કોઈપણ પ્રકારની સિદ્ધિ નથી થતી. કૃપાના અનુભવ જ ગોપાલદાસભાઇ ગ્રંથ દ્વારા પ્રગટ કરે છે, કે જે ગ્રંથને એકાગ્રતાપૂર્વક શ્રવણ કરવાથી લૌકિક-અલૌકિક બન્ને પ્રકારની ચિંતા સમૂળ દૂર થાય છે. જીવનાં દોષ ગમે તેટલા બળવાન હોય પરંતુ આપની કૃપા આગળ તે દુર્બલ છે. આ રીતે શ્રીગુસાંઈજીએ વિજ્ઞપ્તિમાં આજ્ઞા કરી છે. લૌકિક ચિંતા એ કે તે સંબંધી કંઇ પીડા યા ઉપદ્રવ થાય ત્યારે ચિંતા થાય. મનપ્રબોધ ગ્રંથ શ્રીગોકુલપતિએ ગોપાલદાસજીના હૃદયમાં બિરાજી અને જે કારણે લૌકિક આસક્તિ યા દુ:ખ થાય છે એ કારણનો જ નાશ કરે છે. અલૌકિક ચિંતા એટલે પ્રભુની સેવા નિરુદ્ધ ચિત્તથી કરવા છતાં ચિત્તમાં ક્લેશ રહે કે મારી સેવાથી પ્રભુ કેમ પ્રસન્ન નથી થતાં ? વિલંબ તથા અંતરાય કેમ છે ?

આ બધી ચિંતા આ ગ્રંથનાં શ્રવણ-મનનથી અવશ્ય દૂર થાય છે. મનનો વિકારરૂપ દોષ નષ્ટ થાય તો પછી દોષ અંશમાત્ર પણ ન રહી શકે. મન જ સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે, એ મનને નિત્ય આનન્દની અનુભૂતિ થાય. વ્યાભિચાર દોષ નષ્ટ થાય. પછી પીડા-પ્રતિબંધ આદિ લૌકિક ચિંતા અને મિલનમાં અંતરાયથી ઉત્પન્ન થયેલી અલૌકિક ચિંતા પણ નષ્ટ થાય. પવિત્ર એકાદશીને દિવસે શ્રીમહાપ્રભુજીએ ચિંતા થઇ હતી કે, જીવનો પ્રભુ મિલનમાં અંતરાય કેમ દૂર થાય ? ત્યારે શ્રીગોકુલેન્દુ પ્રગટ થઇને અને તેમની અલૌકિક ચિંતા દૂર કરી. તેમ અહીં પણ પરમ કૃપાપાત્ર ભક્તોમાં અંતરાય દૂર કરવા માટે ગોપાલદાસભાઇજીને ચિંતા થતાં જ શ્રીગોકુલેશ પ્રભુ તેમના અંતરાયમાં પ્રગટ થઇને ગ્રંથ રચના દ્વારા અલૌકિક ચિંતાને પણ દૂર કરવા માટે પરમ ઉપકાર કર્યો છે. પછી કહે છે કે ગ્રંથમાં જે પ્રબોધ વિશેષ ઉપદેશ છે તેમાં પ્રમાણ શું છે ? તો કહે છે કે :-

યામેં શ્રીમુખકે વચન ઉપપત્તિ સહિત અનૂપ ।

સ્વકીયનકૂં શિક્ષા નિમિત્ત કહે હેં કારણરૂપ ।। ૧૨ ।।

શ્રીગોકુલેશ પ્રભુએ દરેક શાસ્ત્રનું સારી રીતે પરિશીલન કરીને સ્વકીય ભક્તો પર કૃપા કરીને સારના પણ સારરૂપ જે શ્રીમુખનાં વચન કહ્યાં છે એના આધાર પર આ ગ્રંથ રચ્યો હોવાથી પ્રમાણિક્તામાં પણ આ ગ્રંથનું મૂર્ધન્ય સ્થાન છે. આપશ્રીનાં શ્રીમુખનાં વચનામૃત તર્કસંગત અને શ્રવણ કરનારાના અંત:કરણમાં સ્થિર થઇ જાય તેવા છે અને અનુપ અર્થાત્ જેની કોઇ ઉપમા ન મળી શકે. આપશ્રીની શૈલી અત્યંત ચોટદાર અને સહજ છે. પરંતુ સ્વકીય ભક્તને માટે જ હોવાથી આ ગ્રંથોનો ઉપયોગ તેમને માટે જ છે.

કૃષ્ણદાસ મેઘન શ્રીઠાકોરજીની રહસ્ય-વાર્તા બધાની સન્મુખ કરતાં ત્યારે કોઇએ શ્રીમહાપ્રભુજીને કહ્યું કે, કૃષ્ણદાસ અનધિકારી સમક્ષ આ રહસ્ય-વાર્તા કેમ કરી રહ્યા છે ? જ્યારે આપશ્રીએ કૃષ્ણદાસને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે જેમની આગળ મેં વાર્તા કરી તેમને પૂછો. તે લોકોને બોલાવી જ્યારે આપે પૂછયું ત્યારે તેમણે કહ્યું કે અમને કંઇ સમજ પડી નથી. કારણકે રહસ્ય-વાર્તા તો જે અધિકારી જીવ છે તેમને જ સમજાય. બાકી સાંભળે છતાં કંઇ પણ સમજ ન આવે. આવો અદ્વિતીય ગ્રંથ જે જીવને બધા અંતરાયોથી મુક્ત કરાવીને સ્વામી પ્રત્યેની અનન્ય આસ્થા અને સ્નેહ ઉત્પન્ન કરે છે. છતાં તે શ્રવણ કરવાની યા જીવનમાં ઉતારવાની પ્રવૃત્તિ બધાને થતી નથી. કેવળ કૃપાબળથી જેને પોતાના કર્યા

છે તેમની જ પ્રવૃત્તિ આમાં થશે. અન્ય માર્ગના અધિકારીને માટે આ ગ્રંથ નથી. કેવળ શ્રીગોકુલેશ પ્રભુનાં અલૌકિક રસમાં નિમગ્ન બનેલા અનન્ય ભક્તોને માટે છે. ફલશ્રુતિના અંતિમ દોહામાં ગોપાલદાસભાઈ લખે છે કે :-

મનપ્રબોધ યહ ગ્રંથકૂં પઢે સુને જો દાસ ।

જગત તુચ્છ કરિ કાહૂં કી કરે ન કબહૂં આસ ।। ૧૩ ।।

આ ગ્રંથને દીનતાપૂર્વક જે કોઈ વાંચશે અથવા સાંભળશે તેમનું ચિત્ત (સર્વતોધિક) અપરિમિત રસનો અનુભવ થતાં જ અન્ય આશ્રય અને અન્ય સંબંધ અત્યંત તુચ્છ લાગશે. જગતની રચના પ્રભુએ કરી છે તો પછી પ્રભુ દ્વારા રચેલ જગત તુચ્છ કેમ લાગે ? આ શંકા થાય તેનો ઉત્તર છે કે, સૃષ્ટિ જૂદી જૂદી છે. તેમનો સ્વભાવ, સમજ અને કાર્ય પણ જૂદા જૂદા છે. પ્રવાહી જીવ જગતને અસત્ય યા અપ્રતિષ્ઠિત (આધાર વિનાનું) માને છે. મર્યાદા ભગવદ્ કાર્ય માને છે છતાં વિધિની પ્રધાનતા અને સ્નેહની ગૌણતાને કારણે જગતથી વિરક્ત થાય છે પણ પ્રભુનાં રસસ્વરૂપનો અનુભવ નથી થતો. શુદ્ધ પુષ્ટિ જીવો જગતને પ્રભુની શક્તિ માને છે. ધર્મી ધર્મ કરતાં મોટા છે.

તેમનાં ચરણારવિંદમાં અનન્ય આસક્તિ જેની હોય તે ધર્મીની જ પ્રાપ્તિ ઈચ્છે, તેમના ધર્મની નહીં. તેથી પુષ્ટિ જીવો જગત પ્રત્યે ઘૃણા નથી કરતા પરંતુ જગતના કોઈ પદાર્થની આશા કરતા નથી. સર્વશક્તિમાનના ચરણોમાં જેની અનન્ય નિષ્ઠા થઈ જાય તેમને પછી કયા પદાર્થની આવશ્યક્તા હોય. કામનાથી જગતની આશા કરનારને દુઃખ પ્રાપ્ત થાય છે. અને પ્રભુના સુખની કામના ઉત્પન્ન કરનારને દુઃખ પ્રાપ્ત થાય છે. અને પ્રભુના સુખની કામના ઉત્પન્ન થતાં જ બીજા પદાર્થોની કામના છૂટી જાય છે. ભગવાને અસંખ્ય વસ્તુ બનાવી છે. પરંતુ ભગવદ્દભક્તોને તેમની બનાવેલી વસ્તુની અપેક્ષા નથી. સાક્ષાત્ તેમની પ્રસન્નતાની જ અપેક્ષા રહે છે. એથી આ ગ્રંથનું ચિંતનથી સર્વથી પર એવું સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુનું સ્વરૂપ હૃદયમાં સ્થિર થઈ જાય છે. પછી જગતના પદાર્થોની આશા લેશમાત્ર નથી રહેતી.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી.

શાહ કહી સો તો ન કરી, કરી સો વેદ પુરાનન ભાખી;

માલા તિલક જનેઉ કે કારન, એંડન પેંડન નાખી,

શ્રીપત કહે જહાંગીરકે ખાન, જેતે ઉમરાવ તે તે સબ સાખી,

શ્રી વિઠ્ઠલનાથજુકે શ્રીગોકુલનાથજુ, સબ હિન્દુનકી પત રાખી.

|| કૃષ્ણરાય વિરચિત - શ્રીગોકુલેશ સ્તવ: ||

स्वयं योऽवतीर्य क्षितौ विट्ठलेशादशेषं जगत्पालको गोकुलेश: ।
सुवेशोऽनिशं शोभते तत्समानो न भूतो न भावी न वा वर्तमान: ।। १ ।।

શ્રીવિઠ્ઠલેશ પ્રભુના ત્યાં પૂર્ણ સ્વરૂપે પૂર્ણવતારરૂપે સ્વયં અવતરેલા એવા જગતના પાલક, સુંદર વેષવાળા, શ્રીગોકુલેશ પ્રભુ હંમેશા શોભે છે. તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૧

समस्तं यतिग्रस्तधर्मं च गोप्तुं निजोक्त्याऽवमत्या जगत्या अधिशम् ।
निरस्येह य: स्तूयते तस्य तुल्यो न भूतो न भावी न वा वर्तमान: ।। २ ।।

જેમણે ચિદ્રૂપ સંન્યાસીએ રૂંધેલા સમગ્ર ધર્મનું રક્ષણ કરવા પૃથ્વીપતિ (જહાંગીરને) પોતાની વાણી વડે તિરસ્કારી અવગણી, તેની અહીં પ્રસંશા થાય છે, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૨

सुकेशो यशोभूषितो गोकुलेश: स्वयोषिन्मनोभोगिवेषो य एष: ।
अशेषज्ञलोकोऽपि तस्माद्विशेषो न भूतो न भावी न वा वर्तमान: ।। ३ ।।

સુંદર કેશવાળા યશરૂપી શણગારવાળા, પોતાની પત્ની શ્રીપાર્વતી વહુજીને મનપસંદ વેષવાળા, લોકોને સમ્પૂર્ણ ઓળખનાર (લોકકાળને જાણનાર) એવા શ્રીગોકુલેશ પ્રભુ છે, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૩

समेतार्थविश्रानीतानन्तवित्त: सुपुण्यैर्गुणै: सर्वदा शोभमान: ।
धरण्यामिहैतत्समोदारचित्तो न भूतो न भावी न वा वर्तमान: ।। ४ ।।

વૈષ્ણવોએ જેની સન્મુખ અનંતવિત્ત ધર્યું છે, અને હંમેશા સારા પવિત્ર ગુણોથી જે હંમેશા શોભે છે, એવા શ્રીગોકુલેશ પ્રભુ સમાન ઉદાર ચિત્તવાળું આ ધરણીમાં કોઇ નથી, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૪

स्वरूपात्मकानन्ददानैक-दक्षो वधू-वक्त्र-चन्द्रारज्यत्कटाक्ष: ।
तदीयाधरस्थामृतास्वादकोऽन्यो न भूतो न भावी न वा वर्तमान: ।। ५ ।।

સ્વરૂપાનંદનું દાન આપવામાં ચતુર, કટાક્ષ વડે પોતાની પત્નીના મુખચંદ્રને રંજિત કરનાર, તેમના (પોતાની પત્નીના) અધરામૃતનું આસ્વાદન કરનાર બીજો કોઇ નથી, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૫

व्रजानंदकंदो निजानंदपूर्णः सदानंदरूपः सदा राजते यः ।
सदा भक्तकानंददाता ततोऽन्यो न भूतो न भावी न वा वर्तमानः ।। ६ ।।

વ્રજાનંદના મૂળ, નિજાનંદથી પૂર્ણ, સદાનંદ સ્વરૂપ જે હંમેશા શોભે છે, અને હંમેશા ભક્તને આનંદ આપનાર છે, તેવું કોઇ નથી, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૬

समस्ते रसैरुल्लसन् गोकुले यो जयत्येष पूर्णः पुमानेव नित्यम् ।
स्वकीयाङ्गना-कामना-पूरकोऽन्यो न भूतो न भावी न वा वर्तमानः ।। ७ ।।

શ્રીગોકુલમાં જેઓ બધા રસો વડે આનંદ આપતા એવા પુર્ણ પુરુષોત્તમરૂપ હંમેશા બિરાજે છે અને પોતાની પત્નીની ઇચ્છાઓને પૂરનાર છે એવો કોઇ નથી, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૭

सदानन्दसेविनः सद्रसोधैः श्रियो वल्लभो दुर्लभो गोकुलेशः ।
य एवं विधो राजते तं विनान्यो न भूतो न भावी न वा वर्तमानः ।। ८ ।।

પવિત્ર રસના પ્રવાહો વડે સેવકોને હંમેશા આનંદ કરાવતા, શ્રીમાન્ વલ્લભ શ્રીગોકુલેશ પ્રભુ (બીજાઓને) દુર્લભ છે, જે આ પ્રમાણે (શ્રીબેઠકમાં) શોભે છે, તેમના વિના કોઇ નથી, તેમની સમાન ભૂતકાળમાં કોઇ થયો નથી, વર્તમાનકાળમાં કોઇ છે નહિ અને ભવિષ્યકાળમાં કોઇ થશે નહિં. ૮

नवं गोकुलेशस्तवं सुश्रवं यः शिवं सर्वदा कृष्णरायोक्तमेतद् ।
पठेदृष्टपद्यं स सद्योऽनवद्यं स्वरूपं तदीयं प्रपद्येत हृधम् ।। ९ ।।

(શ્રી)કૃષ્ણરાયે કહેલ આ, કર્ણપ્રિય અને કલ્યાણ કરનારું નવીન શ્રીગોકુલેશ સ્તોત્ર અષ્ટપદ જે હંમેશાં ભણે છે તેને શ્રીગોકુલેશપ્રભુનું ઉત્તમ સ્વરૂપ હૃદયમાં બિરાજે છે. ૯

।। इति कृष्णरायोक्तः श्रीगोकुलेशस्तवः समाप्तः ।।

।। એમ કૃષ્ણરાયે કહેલું શ્રીગોકુલેશ સ્તોત્ર સંપૂરૂણ થયું ।।

કવિત

પ્રભુકી ઈચ્છાકી રુચિ જામેં નહિ એક લેશ,
જાનિ કે અજાનિ જીયે કો લોં અબ ફિરિ હૈ;
જો પેં રુચિ ઈચ્છા હોય તાપેં એ સહજ હોય,
એસે દિન ખોએ ચાહ કછુએ ન સરી હૈ;
જો જો તેં વિચાર્યો સો સો ભયો ઔર ભાંતિ,
સેવા સંગ છૂટયો સુખ કૌન ગતિ કરિ હૈ;
વલ્લભ સુજાન કરિ હૈ સો જામેં તેરો હિત,
તેરે હિત વિન નેક હૂ ન કહું ટરી હૈ. ૨૭

શ્રીગોકુલનાથકી જય

શ્રીગોકુલેશ પ્રભુ પ્રતિ અનન્યાસક્તિ

શ્રીગોકુલનાથજીકે સેવક મોહનભાઇ અનન્ય ભક્ત આગરેમેં રહતે હતે. સો કાહુ એક ફ્કીર રસ્તામેં જાત હતો, સો ઉન ફ્કીરને કાહુસો પૂછ્યો, જો યહાં સદાવ્રત કહા હે ? તબ કોઉને હાસ્ય કીનો જો મોહનભાઇકે પાસ જાઓ. તબ વહ ફ્કીર ઇનકે દ્વાર પર બેઠિ રહ્યો. સો નિત્ય પ્રતિ વહ ફ્કીર આશીર્વાદ દિયો કરે, જો તુમ્હારે પુત્ર હોય, ધનવૃદ્ધિ હોય. પરંતુ મોહનભાઇ વાકે સામને દેખે હું નાહીં. સો યાકો બહોત કાલ એસેહી વ્યતીત ભયો, તબ ખીજાયકે કહ્યો જો, ભૈયા ! વહ તો કહેતો હતો જો મોહનભાઇ ઉદાર હે, ઓર યે તો કછુ પૈસાહું દેત નાહીં. તબ ઉન મનુષ્યને ફ્કીર સો કહી, તૂ ઇનસે કહા કહત હે ? તબ ફ્કીરને કહી જો, 'મેં તો ઉનકુ આશીર્વાદ દેત હું'. તબ વા મનુષ્યને કહી જો, યેહ આશીર્વાદ તે કછુ ન દેયગો. જો યોં કહી હોતી જો શ્રીગોકુલનાથકે નામપે કછુ દેનો હોય તો દેઓ. એસે કહેતો તો જરૂર દેતે ! તબ વા ફ્કીરને એસેહી કરી જો એક સમે મોહનભાઇ ઘોડાપે ચઢિ પોષાક પહેરહી આવત હતે. તબ વહ ફ્કીર બોલ્યો, જો 'શ્રીગોકુલનાથ બાવાકે નામપે કછુ દેનો હોય તો દેઓ, અબ તો હમ ચલતે હૈ'. ઇતનો સુનત માત્ર હી મોહનભાઇને પોષાક ગહનાજો પહેરે હતે સો સબ દે દીનો. એસે અપને સ્વામીકે એક નામપે દૃઢ આસક્તિ વારે મોહનભાઇ પરમ ભગવદીય વૈષ્ણવ હતે.....

|| ShriGokulesho Jayati ||

ShriVallabh Vaani

(The Mantra)

The **varana**, i.e. the choice of God, in **maryada** if the God expects the means from the soul or **pushti** if He dispenses with them. The **Astakshar Mantra** 'Be Krishna my refuge.' This **Mantra** expresses the last attitude for self-realisation. The soul gives up all trust in his own efforts and relies on God alone. For even **Saadhana-Bhakti** is not easy. It contains nine members and each one of them thought to be practiced to perfection. And to praise God, to revere Him and to serve Him to the extent of considering all that we are and all that we have as God's is certainly a difficult path, and the practice of **Vairagya** preparatory to **Jnana** may have to spread over many lives. The **Mantra** solves all difficulty Krishna is my refuge. God will do by means of His grace, what is so difficult and almost impossible for me; I trust in His grace which knows of no time, of no difficulty and of no impossibility. The way of trust in God is thus substituted to that of trust in oneself.

After this act of trust, follows the vow or the consecration. To take refuge in God means that God must now have His way. We must therefore renounce our own self and property in all its forms, so that God be free to use them for His own purpose. By retaining our own dominion with regard to the slightest object, we spoil everything. Besides, through our selfishness we have stolen from God our own self and all we possess. We must therefore make restitution, so that God can work out His own plan no longer hampered by our interference.

Therefore in the **Gadhya** (the text of the vow-the initiation of Bhaktimarga) the aspirant consecrates to God his own self i.e. his spiritual soul, all his faculties, his **Prana** or vital principle, his senses (**indriyani**), his mind (**Antahkarna**), his body (**deha**). Thus selfishness is cut off at the root without destroying however what the self is and what he has. The consecration but adds all these faculties to the operation of divine grace. Mineness also is rooted out. For the aspirant consecrates to God his wife, his home, his children, and friends, and all his possessions in this world and the next. They are henceforth meant only for divine use and purpose.

And by this consecration, the soul escapes, from the self and world of its own construction, and from all wrong superimpositions of self on the body. **Avidya** is destroyed, the mind is purified and the outlook on truth is open.

All depends now on whether God will accept the trust reposed in him and do what the soul expects from Him by leading it up to the Supreme State where one feels the pang of separation of God and thue acquires supernatural fitness to enter within the organization of divine joy. But such acquisition is not permissible. By trusting in God one has made Him the means and end of one's salvation. The salvation has

become a divine concern. And who can doubt the power, wisdom and love of God which are infinite and are now the true **Saadhanas**, the true means so the end?

Revelation given to Vallabha : **Aatmanivedan** is not an invention of ShriVallabha, since it belongs to the **Navadha-Bhakti** as its last and most important element. Moreover the **Bhagvata Purana** mentions this **Samarpanam** (handing over); and **Gadhya** reminds us of the very worbs of the **Purana**. But **Vallabha** understood that this consecration had to be the foundation for the love of God. Hence He introduced it as a vow in the initiation ceremony.

Such an innovation, we are told, required a special interference of Krishna Himself, which infact did happen. Vallabha in the Siddhanta Rahashya tells us that in the bright fortnight of the month of **Shravana**, on the eleventh day at midnight, He saw Krishna face to face. Krishna told him that, through the **Sambandha**, reconnection with **Brahma** (**Brahmasambandha**) which follows on the vow, there takes place complete deliverance from the five sins explains :

The five capital sins are, according to him, the effect of **Avidya**. The **Sahaja** or natural sins are due to the superiposition of the self on **Prana**. The **Deshottha** sins are due to the superimposition of the self of body. The **Kalottha** sins are due to the self having forgetten his essential nature. The **Sparshaja** sins are due to the superimposition of the self on the **Antahkarana**. And the **Samyogaja** sins are due to the superimposition of the self on the **Indriyani**. Now by the consecration of ourself body, senses, mind and the vital principle we rectify our wrong identification, we do not consider these any longer as our own but as God's and thus they are transferred from ourself to God. They thus become instruments destined to work under the inspiration of His grace alone.

Impeccability unfailingly results. How can we sin if we hand over all the powers of our consciousness and self-consciousness to the use grace intends to make of them? Vallabha is therefore right when He tells us that after the vow, sins have no longer any meaning. Ofcourse, He pre-supposes that the soul lives up to the vow. For even **Bhakta** souls may fall a prey to the spirit of the **Aasuratvam** although not indefinitely i.e. the state of having fallen a prey, however, is not for all eternity. Redemption is possible ever thereafter.

Reference :- From "To Christ through the Vedanta Part III (Vallabha)....

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૫
શ્રીકામદા
એકાદશી વ્રત
અષાઢ વદ ૧૧,
૨૦૬૬

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય ગુજરાત પધારતી બિરીયાં રેલગાડીમેં બિરાજત હતે, તબ સ્ટેશનપેં નલકો પાણી સબ જાતે લે લે કે પિવત હે, ઓર રેલમેં સબ વરણકે સાથ ખાય રહે હે, વે દેખકે આજ્ઞા કીની જે, સબવરણ મનસું માનત હે, કે હમ બ્રાહ્મણ, બનિયા, આદિ અપની અપની બિરાદરી (જાત) માનત હે, એ સબ કલિકે ધર્મ હે, આહાર ભ્રષ્ટ, આચાર ભ્રષ્ટ, અજ્ઞાન તે સમજત નાહિ, યાતેં હિંદુ મુસલમાન હલકી વરણ સબ એકસી હોય રહી હે. ૯૧